G.N.Salvi(Mo-7801865476) www.wingofeducation.com



સમય : 3 કલાક **પ્રશ્નપત્ર 3** કુલ ગુણ: 80

## વિભાગ A

❖ **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો : (દરેકનો 1 ગુણ)** **24**

● **યોગ્ય જોડકાં જોડો.**

| (A) | (B) |
|---|---|
| (1) ભવભૂતિ | (A) દિલ્લી |
| (2) શાહજહા | (B) ઘઉં, ડાંગર, શેરડી, શણ, કપાસ |
| (3) રાણીની વાવ | (C) GNP |
| (4) કાંપની જમીન | (D) GDP |
| (5) કુલ રાષ્ટ્રીય પેદાશ | (E) પાટણ |
| | (F) ઉત્તર રામચરિત |

● **નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો :**

(6) સંગીતના મુખ્ય 5 રાગો છે.

(7) અર્થવવેદ સંગીતની ગંગોત્રી કહેવાય છે.

(8) કોકો પેય પદાર્થ છે.

(9) ભારતમાં સૌથી વધુ ઉની કાપડની મિલો પંજાબમાં છે.

(10) ગરીબીરેખા નીચે જીવતાં કુટુંબોને અંત્યોદય કુટુંબો રહે છે.

● **નીચેના પ્રશ્નોના સંક્ષિપ્તમાં જવાબ આપો :**

(11) ગુજરાતમાં સહસ્ત્રલીંગ તળાવ ક્યાં આવેલું છે ?

(12) દ્રવિડ કૂળની સૌથી જૂની ભાષા કઈ છે ?

(13) કઈ જમીનને કપાસની જમીન કહે છે ?

(14) ગ્રાહક અધિકાર દિન ક્યારે ઉજવાય છે ?

● **નીચે આપેલી ખાલી જગ્યામાં યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો :**

(15) ........ ભારતીય સાહિત્યનું પ્રાચીન પુસ્તક છે. *(ઋગવેદ, સામવેદ, અર્થવવેદ)*

(16) ભારતમાં શૂન્યની શોધ ........ કરી હતી. *(નાગાર્જુન, આર્યભટ્ટ, વિશ્વકર્મા)*

(17) હમ્પી ........ સામ્રાજ્યની રાજધાની હતી. *(મુઘલ, વિજયનગર, ચાલુક્ય વંશ)*

(18) માનવવિકાસ આંક સાથે 188 દેશોમાં ભારત ........ મું સ્થાન ધરાવે છે. *(125, 130, 167)*

(19) ભારતની સામાજિક સંરચના ........ પર આધારિત છે. *(જ્ઞાતિ, જાતિ, ધર્મ)*

● **નીચેના પ્રશ્નોના આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો :**

(20) પાટણ શહેર કયા પ્રકારની સાડી માટે પ્રખ્યાત હતું ?

(A) બનારસી (B) બાંધણી (C) કાંજીવરમ (D) પટોળું

(21) કોર્ણાકનું સૂર્યમંદિર કયા રાજ્યમાં આવેલું છે ?

(A) ઓડિશા (B) આંધ્રપ્રદેશ (C) ઝારખંડ (D) છતીસગઢ

(22) ભારતનાં કયા રાજ્યને ઘઉંનો કોઠાર કહેવામાં આવે છે ?

(A) ગુજરાત (B) મહારાષ્ટ્ર (C) પંજાબ (D) બિહાર



www.wingofeducation.com

G.N.Salvi(Mo-7801865476) www.wingofeducation.com



(23) ભારતમાં ઇલેક્ટ્રોનિક ઉદ્યોગની શરૂઆત ક્યારે થઈ ?

(A) ઈ.સ. 1900 માં (B) ઈ.સ. 1905 માં (C) ઈ.સ. 1992 માં (D) ઈ.સ. 1920 માં

(24) માનવહકોનું ઘોષણાપત્ર કોણે ઘોષિત કર્યું ?

(A) ગ્રેટ બ્રિટન (B) સંયુક્ત રાષ્ટ્રોએ (C) યુનિસેફે (D) વિશ્વબેંકે

## વિભાગ B

● **નીચે આપેલા કુલ તેર પ્રશ્નોમાંથી કોઈપણ નવ પ્રશ્નોના જવાબ લખો : (દરેકના 2 ગુણ) (25 થી 37)** **18**

(25) સંસ્કૃતિ માનવીને "જીવન જીવવાની રીત શીખવે છે" - સમજાવો.

(26) સિંધુ ખીણની સંસ્કૃતિમાંથી કયા કયા અવશેષો મળ્યા છે ?

(27) પરિચય : ઋગ્વેદ.

(28) અકબરના સમયમાં સાહિત્યક્ષેત્રે થયેલો વિકાસ.

(29) જમીનના પ્રકારો કેટલા છે ? કયા કયા ?

(30) રાષ્ટ્રીય ઉદ્યાન એટલે શું ?

(31) સમજાવો : વાઘ પરિયોજના.

(32) ભૂમિગત જળના ઉપયોગો.

(33) ખાંડ અને ખાંડ સરીના કારખાના કયા કયા સ્થળે છે ?

(34) સડક વાહનો વિશે ટૂંકો પરિચય.

(35) સમજાવો : સાપેક્ષ ગરીબી અને નિરપેક્ષ ગરીબી.

(36) કારણ : સંગ્રહખોરી ભાવવૃદ્ધિનું કારણ અને અસર છે.

(37) બંધારણના આર્ટીકલ્સ 15 અને 17 સમજાવો.

## વિભાગ C

● **નીચે આપેલા કુલ નવ પ્રશ્નોમાંથી કોઈપણ છ પ્રશ્નોના મુદ્દાસર જવાબો લખો : (દરેકના 3 ગુણ) (38 થી 46)** **18**

(38) ચિત્રકલાનો ટૂંકો પરિચય આપો.

(39) એલિફન્ટાની ગુફાનો પરિચય.

(40) કુતુબમિનારનો પરિચય.

(41) વન્યજીવોના સંરક્ષણ માટેના ઉપાયો.

(42) સિંચાઈ ક્ષેત્રના વિતરણ વિશે નોંધ લખો.

(43) ગરીબી રેખા નીચે જીવતા લોકોના લક્ષણો

(44) ટૂંકનોંધ : વિશ્વ શ્રમબજાર.

(45) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ કોને કહેવામાં આવે છે ?

(46) ટૂંક નોંધ : જમ્મુ કાશ્મીરમાં આંતકવાદ.

## વિભાગ D

● **નીચે આપેલા 47 થી 54 પ્રશ્નોમાંથી કોઈપણ ચાર પ્રશ્નોના જવાબ આપો અને પ્રશ્ન-54 નકશો ફરજિયાત છે. (દરેકના 4 ગુણ)** **20**

(47) પ્રાચીન ભારતે રસાયણ વિદ્યાક્ષેત્રે સાધેલી પ્રગતિ.

(48) પ્રાચીન ભારતનું ખગોળશાસ્ત્ર

(49) કૃષિ પદ્ધતિ વિશે માહિતી આપો.

(50) "વિશ્વબજાર અને ભારતની ખેતી" નોંધ લખો.

(51) ભાવનિયંત્રણ માટેના બે ઉપાયો સમજાવો.

(52) લઘુમતિઓના કલ્યાણ અને વિકાસ માટેની બંધારણીય જોગવાઈ

(53) કાયદાનું જ્ઞાન શા માટે જરૂરી છે ?

(54) ભારતના રેખાંતિક નકશામાં નીચેની વિગતો આપેલા નકશામાં યોગ્ય સંજ્ઞાઓ વડે યોગ્ય સાથેને દર્શાવો :

(A) રણપ્રકારની જમીન (B) દચિગામ (C) કોફી ઉત્પન્ન કરતો એક પ્રદેશ (D) જહાજ બાંધકામનું એક કેન્દ્ર



www.wingofeducation.com